જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૨/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૬૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૩૪	૦	૧૧૨૩૪	૧૭૩૬૬	૦	૧૭૩૬૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪3,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૯	૦	૬૯	૨૭૫	૧	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૮૬૧	૨	૨૮૮૬3	3૦૧૫૮	૪	3૦૧૬૨
કુલ		૪૪૮૬૬	૨	૪૪૮૬૮	૫૪૦૨૪	૫	૫૪૦૨૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૮	૯,૩૯,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૭૪	૧,૭૪,૦૦૦/-

ધરફોડ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

મણીનગર પોલીસ સ્ટેશન

સીગારેટ, પાનમસાલા અને ગુટખાની દુકાન ની ધરફોડ ચોરી કરનાર ઈસમને પકડી પાડતી મણિનગર પોલીસ સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે" ડીવીજન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ બી.બી.ગોયલ પોલીસ ઇન્સ્પેક્ટર મણીનગર પોલીસ સ્ટેશન નાઓની સુચનાથી સર્વેલન્સ પો.સ.ઇ. સી.બી.ગોસ્વામી તથા અ.હે.કો.હિંમતસિંહ કચરાજી બ.નં.૭૪૫૦, પો.કો.અશોકભાઇ પ્રેમજીભાઇ બ.નં. ૪૯૭૩, તથા પો.કો.અર્જુનસિંહ ભાવસિંહ બ.નં. ૯૯૯૬, પો.કો.રાજુભાઇ ધારાભાઇ બ.નં.૯૯૮૬, પો.કો.નરેશકુમાર ચંદુભાઇ બ.નં.૬૫૨૨, એલ.આર. પિયુષભાઇ પ્રવીણભાઇ બ.નં.૯૬૦, એલ.આર. મનીષભાઇ દેવજીભાઇ બ.નં.૯૪૧, એલ.આર.દિપકભાઇ વાલજીભાઇ બ.નં.૧૦૮૦, એલ.આર. મિતેષભાઇ વિષ્ણુભાઇ બ.નં.૧૨૮૨૨ નાઓ સાથે પો.સ્ટે.વિસ્તારમા મિલ્કત સબંધી અનડીટેકટ ગુન્હા શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કલાક: ૧૮/૦૦ વાગે મણીનગર ઝધડીયા બ્રીઝ પાસે આવતા સાથેના પો.કો.અશોકભાઇ પ્રેમજીભાઇ એલ.આર. પિયુષભાઇ પ્રવીણભાઇ, એલ.આર. મનીષભાઇ દેવજીભાઇ નાઓની સંયુક્ત ચોક્કસ બાતમી હકીકત મળેલ કે કલાક ૧૯/૦૦ વાગે મણિનગર ઝધડીયા બ્રીઝ પાસેથી ફોર વ્હીલ કારનો ચાલક કિશોર કાંતિલાલ પંચાલ ઉ.વ.૨૯ રહે-ભગવતી પાર્ક જનતાનગર જોગણી માતાના મંદીર પાસે ચાંદખેડા અમદાવાદ શહેર તથા મુળ વતન- જયહિંદ ભોજનશાળા પાછળ ચૌધરી પેટ્રોલપંપની બાજુમા મરચા બજાર ડીસા જી.બનાસકાંઠા નાને પકડી પાડી ગાડીમા ચેક કરતા સીગારેટના બે બાંધા કિ.રૂ.૬,૫૦૦/- ના મુદ્દામાલ મળી આવેલ જે મુદ્દામાલ બાબતે પુછપરછ કરતા પકડાયેલ આરોપીએ જણાવેલ કે આજથી પાંચેક દિવસ પહેલા મણીનગર કાંકરીયાની બાજુમાથી ચોરી કરેલાનુ હકીકત જણાવતા જે બાબતે તપાસ કરતા મણીનગર પોલીસ સ્ટેશન પાર્ટ "એ" ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૨૨૧૦૧૪૦/૨૦૨૧. ઈ.પી.કો કલમ-૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો તા.૩૦/૦૧/૨૦૨૧ ના રોજ દાખલ થયેલ હોય જે ગુનાના કામે આરોપી પાસેથી સીગારેટના બાંધા નંગ-૨ કિ.રૂ.૬,૫૦૦/- તથા ગુનામા વાપરેલ ફોર વ્હીલ કાર કિ.રૂ.૬૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન કિં.રૂ.૫,૦૦૦/- નો મળી કુલ્લે કિ.રૂ.૭૧,૫૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી મણિનગર પો.સ્ટે. દાખલ થયેલ ઉપરોક્ત ગુનાનો ભેદ ઉકેલી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

આરોપીઓનો ગુનાહિત ઇતીહાસ :-

(૧) આ કામનો આરોપી કિશોર કાંતિલાલ પંચાલ (પરમાર) નાનો સને-૨૦૧૯ મા અમદાવાદ શહેરના એલીસબ્રીજ, સાબરમતી, ચાંદખેડા, શાહીબાગ, પોલીસ સ્ટેશનમા પાન મસાલા તથા ગુટખાની ચોરીમા અગાઉ પકડાયેલ છે અને પાસા ભોગવેલ છે. તથા રાજસ્થાનમા ઘરફોડ ચોરી તથા પ્રોહીબીશનના કેસમા પકડાયેલ છે તેમજ ડીસા થરાદ પોલીસ સ્ટેશનમા ઘરફોડ ચોરીમા પકડાયેલ છે.



પાસા અટકાયતની વિગત

શાહીબાગ પોલીસ સ્ટેશન

શરીર સંબંધી તથા મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં શરીર સંબંધી તથા મિલકત સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી કે.ડી.જાડેજા સા. નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં શરીર સંબંધી તથા મિલકત સબંધી ગુનાઓ કરતો ઈસમ સન્ની ઉર્ફે મોટો સ/ઓ જયંતીભાઈ ઉર્ફે ચેતનભાઈ હલુભાઈ જાતે:પટણી(અધરીવાળા) ઉ.વ.:૨૦ રહે:જયંતીલાલ યુનીલાલની ચાલી ચમનપુરા દેવીપુજક ફલેટની સામે શાહીબાગ અમદાવાદ શહેર મુળ વતન:ગામ કુંણઘેર તા.જી.પાટણ ના વિરૂદ્ધ (૧) શાહીબાગ પોલીસ સ્ટેશન .ગુ.ર.નં.૧૯૬/૨૦૧૯ ધી ઈ. પી.કો.કલમ.૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ કલમ.૧૩૫(૧) મુજબ (૨) શાહીબાગ પોલીસ સ્ટેશન .ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૨૦૪૮/૨૦૨૦ ધી ઈ. પી.કો.કલમ ૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ કલમ.૧૩૫(૧) મુજબ (૩) નિકોલ પો.સ્ટે..ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૫૧૦૩૦/૨૦૨૦ ઈ. પી. કો. કલમ ૩૯૭,૩૨૩, ૧૧૪ તથા જી.પી. એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૩૮/૨૦૨૧ તા.૦૯/૦૨/૨૦૨૧ ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૦૯/૦૨/૨૦૨૧ ના કલાક:૨૧/૦૦ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે અધિક્ષક શ્રી મધ્યસ્થ જેલ લાજપોર, સુરત ખાતે મોકલી આપેલ.

આરોપીનુ નામ:- સન્ની ઉર્ફે મોટો સ/ઓ જયંતીભાઈ ઉર્ફે ચેતનભાઈ હલુભાઈ જાતે:પટણી(અધરીવાળા) ઉ.વ.:૨૦ રહે:જયંતીલાલ યુનીલાલની ચાલી ચમનપુરા દેવીપુજક ફલેટની સામે શાહીબાગ અમદાવાદ શહેર મુળ વતન:ગામ કુંણઘેર તા.જી.પાટણ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-

(૧) પો.સબ.ઈન્સ.શ્રી એસ.એ.દેસાઈ તથા સર્વલન્સ ટીમના માણસો

(૨) મ.સ.ઇ વિરેન્દ્રસિંહ મકુભા, (૩) અ.લો.ર.નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪,

(૪) અ.પો.કો.કુલદિપસિંહ ધનશ્યામસિંહ , (૫) અ.લો.ર.પરેશકુમાર અણદાભાઇ

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૬૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૨૯૫ લીટર દેશી દારૂ, ૨૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૪ ક્વોટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૩૮૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૭૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૯૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૨૭૧/૨૦૨૧**

નવરંગપુરાઃ બીન્દેશભાઇ રમેશચંદ્ર આચાર્ય (રહે.બનાસ ડબલ્યુ, વીર સાવરકર હાઈટસ-૨ ગોતા ઓગણજ રોડ ગોતા) એ તા.૦૯/૦૨/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ડીસેમ્બર/૨૦૨૦ થી તા.૦૯/૦૨/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા આશ્રમરોડ સાકાર-૭ ખાતે લાખાણી કન્સલટન્સી પ્રા.લી નામની ઓફીસ ખાતે આરોપી (૧) આરીફ ઉર્ફે રાજુભાઈ કાસમભાઈ લાખાણી (રહે.એડવાન્સ કોમ્પલેક્ષ, લાલદરવાજા ભદ્ર કારંજ) અને (૨) મનજીભાઈ ઉર્ફે માનસંગભાઈ દલાભાઈ ચૌધરી (રહે.ગામ-જાજમ તા.સાંતલપુર) એ ભેગા મળી બીન્દેશભાઇ આચાર્ય તથા બીરદારામ ચૌધરી અને સુરેશભાઈ પટેલ નાઓને લોન કરી આપવાની લાલચ આપી લોન પ્રોસેસીંગની ફી પેટે રૂપિયા ૧૬,૦૦,૦૦૦/- લઈ લોન નહી કરી આપી ઓફીસ બંધ કરી નાસી જઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

ચાંદખેડાઃ મધુકુંજકુમાર કૈલાશ ઠાકુર (ઉ.વ.૫૧)(રહે.શરણ સફાયર મોટેરા કોટેશ્વર રોડ ચાંદખેડા) એ તા.૧૬/૦૬/૨૦૨૦ પહેલા પંદર દિવસ અગાઉ મધુકુંજકુમાર ઠાકુરે ઓનલાઈન હેડ ઓફ સપ્લાયી ચેન મેનેજમેનટ લોજીસ્ટીક તરીકે નોકરી માટે એપ્લાય કરેલ, ત્યારબાદ તા.૧૬/૦૬/૨૦૨૦ ના રોજ મોબાઈલ નંબર ૯૭૭૩૯૫૮૮૪૧ ના ધારકે પોતાનુ નામ ઉદય શંકર જણાવી service@shine4jobs.in ના કર્મચારીની ઓળખ આપી મધુકુંજકુમાર ઠાકુરના મેઈલ આડી માંગી મેઈલ આઇડી એડ્રેસ પર વિગત આવવાની વાતચીત કરી હતી. ત્યારબાદ મોબાઈલ નંબર ૯૭૭૩૯૫૮૮૫૭ ના ધારકે અલગ-અલગ લીંક મોકલી વિશ્વાસમા લઈ, એલેન શોલીમાં નોકરી વાર્ષીક સેલરી ૪૫ લાખ જણાવી માટે ઈન્ટરવ્યુ કરાવી આપવાના બહાને તેમજ અન્ય ચાર્જ પેટે મધુકુંજકુમાર ઠાકુર પાસેથી કુલ રૂપિયા ૨૮,૧૯૯/- ટ્રાન્જેક્શન કરાવી મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ અંગેની ફરીયાદ મધુકુંજકુમાર ઠાકુરે તા.૦૯/૦૨/૨૦૨૧ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.વી.પટેલ ચલાવે છે.

ગોમતીપુરઃ વિકાસભાઈ ગોપીનાથ શુકલા (ઉ.વ.૩૭) (રહે.અંબિકાનગર ઓઢવ) એ તા.૦૯/૦૨/૨૦૨૧ નારોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી પ્રફુલકુમાર મોડસીયા (રહે.ગીલીવાર રેસીડન્સી પાજરાપોળ વસ્ત્રાલ) એ તા.૧૭/૦૮/૨૦૨૦ ના રોજ ગોમતીપુર મિલન સિનેમા રોડ, શ્રીજી હોસ્પીટલમાં ફર્નીચરનુ કામ કરવા વિકાસભાઈ શુકલા પાસેથી રૂપિયા ૩,૦૦,૦૦૦/- મેળવી લઈ ફર્નીચરનુ કામ નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.સિંહ ચલાવે છે.

<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-</u> **<u>સમાચાર યાદી નં.૨૭૨/૨૦૨૧</u>**

કૃષ્ણનગરઃ સૌરભભાઇ સુબોધકુમાર ગુપ્તા (રહે.યંગમેન સોસાયટી સિને પ્રાઈડ સિનેમા કૃષ્ણનગર) તા.૦૯/૦૨/૨૦૨૧ કલાક ૬/૨૦ વાગ્યાના સુમારે સિને પ્રાઈડ સિનેમા "મેરી-ગોલ્ડ બેલ્કવેટ" ગેટ સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સૌરભભાઇના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સૌરભભાઇ ગુપ્તાએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

<u>ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુ :-</u> **<u>સમાચાર યાદી નં.૨૭૩/૨૦૨૧</u>**

મણીનગરઃ પલ્લવી ફણાલ ખંભાઇતકર (ઉ.વ.૨૬)(રહે.મહેતાજી ચાલી મણીનગર પુર્વ ખોખરા) તા.૦૯/૦૨/૨૦૨૧ કલાક ૧૧/૪૦ વાગ્યાના સુમારે મણીનગર રેલ્વે ક્રોસીંગ પાસે દક્ષીણી નજીક ટ્રેઇનની અડફેટમાં આવી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

<u>આત્મહત્યા :-</u> **<u>સમાચાર યાદી નં.૨૭૪/૨૦૨૧</u>**

સાબરમતીઃ રાહુલ ભાનુપ્રસાદ દુલેરા (ઉ.વ.૨૫)(રહે.ભવસાગર સોસાયટી ભુત બંગલો જવાહર ચોક સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૨/૨૦૨૧ રાતના ૯/૩૦ વાગ્યા પહેલા ભવસાગર સોસાયટીમાં પોતાના કાકાના ઘરે પંખાના હુકમાં કપડું બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બળવંતભાઇ પોપટભાઇ ચલાવે છે.

કૃષ્ણનગરઃ નિકુંજભાઈ મુકેશભાઇ ત્રાપસીયા (ઉ.વ.૨૫)(રહે.સુદર્વન સોસાયટી કેનાલ પાસે ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૨/૨૦૨૧ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતીરાવ ચલાવે છે.

નરોડાઃ વિપુલકુમાર જયેશભાઇ પંચાલ (ઉ.વ.૨૨)(રહે.અશ્વમેધ સોસાયટી શાલીન સ્કુલ પાસે નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૨/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેન્દ્રસિહ મનુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી